જૈન સાહિત્યના અભ્યાસનો અમૂલખ અવસર આંગણે આવીને ઉભો છે.

વ્યાખ્યાન ૨૪

જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે... જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

# વ્યાખ્યાન વિષય: 'હસ્તપ્રત - વર્ણો શબ્દોની વિશેષતા'



## વક્તા: ડૉ. પ્રીતિબહેન પંચોળી

### વક્તા પરિચય

હસ્તપ્રતવિદ્યાના જાણકાર અને એ વિશે સઘન કામ કરનાર ડૉ. પ્રીતિબહેન પંચોળીના સંશોધન કાર્યને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે. તેમણે પોતાના અભ્યાસક્રમ અને સંશોધન કાર્ય માટે ૬થી વધુ પુરસ્કારો મેળવ્યા છે. શિક્ષણજગત સાથે ૩૩ વર્ષથી કાર્યરત છે. તેમના ૪ પુસ્તકો પ્રકાશિત થયા છે, ઉપરાંત ૨૨ શોધપાત્રો, ૪૫ વ્યાખ્યાનો અને અનેક પરિસંવાદો દ્વારા પોતાની સાહિત્યિક લગની સિદ્ધ કરી છે. તેમણે પ્રાકૃત, બ્રાહ્મી અને દેવનાગરી લિપિ વિશે અનેક વ્યાખ્યાનો આપ્યા છે. તેમજ કાર્યશાળા દ્વારા સ્વાધ્યાયીઓને તાલીમ પણ આપે છે. લિપિશાસ્ત્ર અને હસ્તપ્રતવિદ્યા વિશે પોતાના જ્ઞાનનો લાભ આપવા ડૉ. પ્રીતિબહેન આપણી સાથે ઉપસ્થિત રહેશે.

### વ્યાખ્યાન સંક્ષેપ

શ્રમણ ભગવાન મહાવીરની વાણી કે જેને આગમ કહેવાય છે તે શ્રુત-પરંપરાથી ચાલી આવતી હતી. ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે પૂજ્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં વલ્લભીપુરમાં આગમો પુસ્તકોરૂપે લખાયાં. તે વખતે લેખનકળાનો અનુભવ ન હોવાથી જે મળ્યાં તે ગ્રંથો તાડપત્રો ઉપર અને શાહીથી લિપિબદ્ધ થયાં. આજે આપણી પાસે ૧૦મા સૈકાથી લખેલા પુસ્તકો પ્રાપ્ત થયાં છે. વચ્ચેના ૫૦૦ વર્ષમાં પુસ્તકોની હાલત કેવી હતી તે અંગે કોઈ વિશ્વસનીય પુરાવો મળતો નથી. અનુમાન કરી શકાય કે લેખનનો - તેના સાધનોનો અનુભવ ન હોવાથી તાડપત્રો તૂટતાં ગયાં, શાહી ઉખડતી ગઈ અને નવા ગ્રંથો લખતા ગયાં. જે આપણી સમક્ષ તાડપત્ર ઉપર લખેલા ભંડારામાં વિદ્યમાન છે. હસ્તપ્રતોનું મહત્વ જાણ્યાં બાદ લિપિશાસ્ત્ર, હસ્તપ્રતોનું લિપ્યંતર, તેના નિયમો, લેખક અને લહિયાઓ દ્વારા થતાં સુધારા-વધારા વગેરેની ચર્ચા કરવામાં આવશે તેમજ પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ હસ્તપ્રતો પણ બતાવવામાં આવશે.

**૯ જાન્યુઆરી ૨૦૨૧**
**શનિવાર, સમય રાત્રે ૮ થી ૯**

**કોર્સ સંચાલક – ડૉ. સેજલ શાહ**

**Zoom Meeting Details**

Meeting ID: 890 0779 0733
Password: 232678
Click Here

મહત્વપૂર્ણ સૂચનો

- ઓનલાઈનના આ કોર્સમાં દરેક ક્લાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ પર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના
૧૨ વ્યાખ્યાનોની યુટ્યુબ લિંક:
Click Here

આમંત્રક: જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ | પ્રેરક : સી.કે.મહેતા

ટ્રસ્ટીગણ: દીપક મહેતા | ઈલા મહેતા | સેજલ શાહ | ભારતી મહેતા | યોગીની શેઠ | બકુલ ગાંધી | દિલીપ શાહ | બિપીન દોશી